# આજે રાંધેજાથી વંદે ગુજરાત યાત્રા : તમામ વોર્ડમાં ફરશે

ગાંધીનગર, તા. ૦૪
ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલા વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં 'વંદે ગુજરાત વિકાસ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એક રથ

| | | |
|---|---|---|
| ૫ જુલાઈ ૨૦૨૨ | --- | વોર્ડ નં.૧ (ઉમિયામાતાનું મંદિર, રાંધેજા) |
| ૬ જુલાઈ ૨૦૨૨ | વોર્ડ નં.૧ (ગ્રીન સિટી, ન્યુ ગાર્ડન, સેક્ટર-૨૬ | વોર્ડ નં. ૨ (પેથાપુર બસ સ્ટેન્ડ, પેથાપુર) |
| ૭ જુલાઈ ૨૦૨૨ | વોર્ડ નં.૩ (બ્રહ્માકુમારી મંદિર, શોપિંગ | વોર્ડ નં.૩ (સુવિધા કચેરી, સેક્ટર-૨૪) |
| - | સેન્ટરની બાજુમાં, સેક્ટર-૨૮) | --- |
| ૮ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૪ (આંગણવાડી કેન્દ્ર, પાલજ | વોર્ડ નં.૪ (સરકારી દવાખાનું, ચંચળમાતા |
| - | --- | મંદિરની બાજુમાં, ધોળાકુવા) |
| ૧૧ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૫ (જૂનું ફાયર સ્ટેશન, રંગમંચની પાછળ | વોર્ડ નં. (જીએમસી નર્સરી, સેક્ટર-૨૧) |
| - | પાછળ, સેક્ટર-૨૨ | --- |
| ૧૨ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૬ (આંગણવાડી, શોપિંગ સેન્ટરનું મેદાન | વોર્ડ નં. ૬ (આંગણવાણી, ગોકુલપુરા) |
| ૧૩ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૭ (દરબાર ભાગોળ, કોલવડા) | વોર્ડ નં. ૭ (આંગણવાડી,પોલીસચોકીની બાજુમાં વાવોલ) |
| ૧૪ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૮ (ઓમકારેશ્વર મહાદેવ, સેક્ટર-૦૪) | વોર્ડ નં. ૮ (ટી.પી. ૦૯) |
| ૧૫ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૯ (સરકારી દવાખાનું, સેક્ટર-૦૨) | વોર્ડ નં. ૯ (કુડાસણ) |
| ૧૮ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૧૦ (આંગણવાડી, શોપિંગ સેન્ટરની | વોર્ડ નં. ૧૦ (ભાઈજીપુરા ચોકડી) |
| ૧૯ જુલાઈ, ૨૦૨૨ | વોર્ડ નં. ૧૧ (ચોકમાં, ભાટ ગામ) | વોર્ડ નં. ૧૧ (નવરાત્રી ચોક, ખોરજ) |

સમગ્ર ગાંધીનગરમાં પરિભ્રમણ કરશે. આ રથને માન. ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી સાહેબ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરવાશે. આવતીકાલે બપોરે ૪.૩૦ વાગ્ય વોર્ડ નંબર ૧ના રાંધેજા ગામના ઉમિયા માતાના મંદિર ખાતેથી રથનું પ્રસ્થાન કરાવવામાં આવશે. જે આગામી પંદર દિવસ સુધી શહેરના તમામ વોર્ડમાં ભ્રમણ કરશે. મહાનગરપાલિકમાં સમાવિષ્ટ તમામ વોર્ડમાં રથનું સ્વાગત કરવામાં આવશે અને વોર્ડ દીઠ બે જગ્યાએ સ્ટેજ કાર્યક્રમમાં લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવશે. જે વોર્ડમાં રથનું આગમન થનાર છે તે વોર્ડમાં બે સ્થળે પ્રધાનમંત્રી જનઆરોગ્ય અંતર્ગત આયુષમાન કાર્ડ અને આધારકાર્ડના કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વૃક્ષારોપણ, પ્રભાતફેરી, વાનગી સ્પર્ધા તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ કરવામાં આવશે. જેમાં નીચે દર્શાવેલ સ્થળો પર કેમ્પ કરવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સભ્યોને નાસ્તો અને ફ્રુટી આપવામાં આવી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે પોલીસનો સઘન બંદોબસ્ત હતો.

● મેઘરાજાને રિઝવવા આજે ગાંધીનગર તાલુકાના દશેલા ગામે મહાદેવના મંદિર ખાતે યજ્ઞનું આયોજન કરાયુ છે.

● દહેગામના બારડોલી બારિઆ ગામે પાણી માટે બનાવેલા બોરવેલમાં એકાએક આગ લાગી હતી જેના પર ભારે જહેમત બાદ કાબુ મેળવવામાં આવ્યો છે.

● દહેગામના પહાડિયા ભાઈની મુવાડી પ્રા. શાળાના આચાર્યનું ઘરના રિનોવેશનને લઈ પાણી છાંટતા કરંટ લાગતાં દુ:ખદ અવસાન થયાના સમાચારોથી શિક્ષણજગતમાં સન્નાટો વ્યાપી ગયો છે.

● સે. ૨૯માં અર્બન હેલ્થ સેન્ટર તેમજ બ્લોક નં. ૫ જુના સચિવાલય ખાતે તા. ૫ થી ૭ જુલાઈ દ્વારા બુસ્ટર ડોઝના કેમ્પનું આયોજન ગાંધીનગર મનપા દ્વારા કરવામાં આવ્યું છે.

● ફોરેન્સીક સાયન્સ યુનિ. ખાતે ડૉ. અંકુર પરમાર અને શ્રીમતિ સોનાલી પરમારની દિકરી રિદ્ધિ પરમારનું આરંગેત્રમ યોજાયુ હતુ જેમાં રાજ્યમંત્રી બ્રિજેશ મેરજાએ વિશેષ ઉપસ્થિત રહી રિદ્ધિને આશિષ આપી શુભેચ્છા પાઠવી હતી.

● આજથી શરૂ થઈ રહેલ વંદે ગુજરાત વિકાસયાત્રાની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં અધિકારીઓ વ્યસ્ત રહ્યા હતા.

## મ.દે. ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે એન્ટી રેગિંગ વિષય પર વાર્તાલાપ યોજાયો



ચિલોડા, તા. ૪
ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે એન્ટી રેગિંગ વિષય પર યુવા અધ્યાપક ડૉ. મોતીલાલ દેવુએ વિદ્યાર્થી ભાઈ અને બહેનોને રેગિંગ એટલે શું ?
કયા કયા પ્રકારના કાર્યને રેગિંગ કહેવાય અને કોઈ રેગિંગ થાય તો તેના માટેની કોલેજ અને વિશ્વ વિદ્યાલય એન્ટી રેગિંગ સેલ હોય છે. તેની માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને વધુ જાણકારી માટે પ્રશ્નોત્તરી પણ થઈ હતી. અને આખો વાર્તાલાપ દ્વારા વિદ્યાર્થીઓને યોગ્ય દિશામાં માર્ગદર્શન મળી રહે તેના માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.
આ કાર્યક્રમમાં કૉલેજ સંકુલમાં પણ વિવિધ તેની માહિતી સરળતાથી પ્રાપ્ત થઈ શખે તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. સંયોજક રમેશભાઈ એમ. પટેલનું સતત માર્ગદર્શન પણ મળતું રહે છે.

## ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસયાત્રાનો આજે ચિલોડાથી શુભારંભ

### પંદર દિવસ દરમ્યાન ૨૨૬ કામોનું લોકાર્પણ કરાશે અને ૧૧૭ નવા વિકાસ કામોનું ખાતમુહૂર્ત થશે

ગાંધીનગર, તા. ૦૪
ગુજરાતના ૨૦ વર્ષના પુરુષાર્થને, ૨૦ વર્ષના વિશ્વાસને, ૨૦ વર્ષના વિકાસને વંદન કરવા અને જન જનને ગુજરાતની વિકાસયાત્રાથી વાકેફ કરવા સમગ્ર ગુજરાતમાં 'વંદે ગુજરાત વિકાસયાત્રા'નું આયોજન કરાયું છે. ગાંધીનગર જિલ્લામાં તા. ૫ જુલાઈથી તા. ૧૯ જુલાઈ દરમિયાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બે વિકાસ રથ ગામેગામ ફરશે. રાજ્યના પ્રોટોકોલ, ઉદ્યોગ, સહકાર અને વન-પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તા. ૫ મી જુલાઈએ સાંજે ૫.૦૦ વાગ્યે ચિલોડા (મોટા) ગામેથી ગાંધીનગર જિલ્લાની વંદે ગુજરાત વિકાસયાત્રાનો શુભારંભ કરાવશે.
ગુજરાતે ૨૦ વર્ષમાં વિકાસની હરણફાળ ભરી છે. અનેક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સુકાન સંભાળ્યું હતું ત્યારથી ગુજરાતે સિદ્ધિઓના નવા શિખરો સર કર્યા છે. ગુજરાતની આ વિકાસયાત્રાને ગામેગામ લઈ જવાની સાથો સાથ લોકોને મળતા લાભો ગામેગામ જઈને પહોંચાડવામાં આવશે. ગાંધીનગર જિલ્લામાં લોકહિતની વિવિધ યોજનાઓના ૫,૬૯૫ લાભાર્થીઓને રૂ. ૯.૫૦ કરોડથી વધુ રકમની સહાયના લાભો ઘર આંગણે જઈને અપાશે. એટલું જ નહીં, વંદે ગુજરાત વિકાસયાત્રાના ૧૫ દિવસ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં રૂ. ૪.૩૮ કરોડના ૨૨૬ કામોનું લોકાર્પણ કરાશે અને રૂ. ૨.૭૮ કરોડના ૧૧૭ નવા વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાશે.
ગાંધીનગરના જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં બે રથ અને ગાંધીનગરના શહેરી વિસ્તાર તથા ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ વિસ્તારોમાં એક રથ પરિભ્રમણ કરશે. ગાંધીનગર જિલ્લાના ચિલોડાની સાથોસાથ કલોલ તાલુકાના ગોલથરા ગામેથી પણ વંદે ગુજરાત વિકાસયાત્રાનો આરંભ થશે. આ યાત્રા ડીંગુચા, કાંઠા, નવા અને પલીયડ ગામોને આવરી લેશે.
ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસયાત્રા નાગરિકોને ગુજરાતની ગૌરવવંતી વિકાસગાથાથી વાકેફ તો કરશે જ, સાથોસાથ ભાવિ વિકાસનો રાજમાર્ગ પણ કંડારશે.

## સિવિલમાંથી ઝડપાયેલ પાન-મસાલા, બીડી-સીગારેટ અને તમાકુનો નાશ કરાશે

ગાંધીનગર, તા.૪
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તમાકું, પાન,બીડી,સીગારેટ, મસાલો સહિતની ચીજવસ્તુઓ લઈ જવા દેવામાં આવતી નથી. સલામતી ગાર્ડ દ્વારા ચેકીંગ કરવામાં આવે છે.
ત્યારે આ પ્રકારની ચીજવસ્તુઓ હાથ લાગતા જ ગાર્ડ દ્વારા જમા લઈ લેવામાં આવે છે. સિવિલમાંથી દિવસ દરમિયાન ઝડપી પાડવામાં આવેલી તમામ પાન-બીડી અને તમાકુ સહિતની વસ્તુઓ સિવિલના એસઆઈ પાસે જમા કરાવવામાં આવે છે. ત્યારે ટુંક સમયમાં આ ચીજવસ્તુઓનો નિકાલ કરવામાં આવનાર છે.
પ્રાપ્ત વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઠેરઠેર પાન મસાલા ખાઈને પીંચકારી મારવી નહી અને સિવિલમાં ધ્રુમપાન કરવું નહી તેવા બોર્ડ મારવામાં આવ્યા છે. સિવિલના સલામતી ગાર્ડ દ્વારા તાત્કાલીક વિભાગ, ઓપીડી વિભાગ, ૬૦૦ બેડના પ્રવેશ દ્વાર પર ચેકીંગ હાથ ધરવામાં આવે છે.જેમાં દર્દી કે તેના સગા પાસેથી પાન, મસાલા, બીડી, સીગારેટ, તમાકું સહિતની ચીજવસ્તુઓ મળી રહે છે. સિક્યુરીટી ગાર્ડ દ્વારા આ વસ્તુઓ જમા લઈ લેવામાં આવે છે. જયારે પોતાની ફરજ પુરી થયા તે સમયે એસઆઈની ઓફિસમાં જમા કરાવવામાં આવે છે. ત્યારબાદ વધુ પડતો જથ્થો થઈ જતા સિવિલ તંત્રના અધિકારીઓને સાથે રાખીને તેનો નિકાલ કરી દેવામાં આવે છે. ત્યારે સિવિલ તંત્ર દ્વારા ટુંક સમયમાં આ તમાકુ, બીડી-ગુટખા સહિતના જથ્થાનો નાશ કરવામાં આવનાર છે. તંત્ર દ્વારા ઉંડો ખાડો ખોદી તમામ વસ્તુઓ તેમાં નાંખી દેવામાં આવશે. સિવિલ તંત્ર દ્વારા સમયાંતરે ગુટખા-તમાકું નિકાલની કામગીરી કરવામાં આવે છે.

## એસ.જી. અંગ્રેજી માધ્યમમાં શાળા પરિચય સમારંભનું આયોજન

ગાંધીનગર, તા.૪
એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક શાળામાં શનિવારના રોજ નવાસત્રના પ્રારંભે શાળામાં પ્રવેશ મેળવનાર ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓના વાલીઓ સાથે શાળા પરિચય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.
આ કાર્યક્રમ દરમિયાન શાળાના શિક્ષકગણ દ્વારા વાલીઓને શાળાના સમગ્ર વાતાવરણથી પરિચિત કરવામાં આવ્યા હતા તેમજ શાળાના આચાર્ય સલિનાબેન તથા સુખરામભાઈ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું.

## અનોખો સંયોગ : સોમવારે શહેરમાં ચાર મૃત્યુ થયાં જે ચારેય મૃતકો ઝૂંપડપટ્ટીના રહેવાસી.!!!

### ચારેય વ્યક્તિ અલગ અલગ વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં રહેતાં હતાં અને એક પણ મૃતકની વય વરિષ્ઠ વય કહી શકાય તેવી નહોતી

ગાંધીનગર, તા.૦૪
ગાંધીનગરમાં આજના દિવસે એક અનોખો સંયોગ જોવા મળ્યો હતો. શહેરમાં આજે વિવિધ વિસ્તાર અને વિવિધ વયની ચાર વ્યક્તિઓનાં અવસાન થયાં હતા જે ચારેયમાં સામ્યતા એ હતી કે તમામ મૃતકો ઝુંપડામાં રહેતા હતા. મતલબ કે આજે શહેરમાં એક પણ મૃત્યુ પાકાં મકાનમાં રહેતાં વસાહતીઓ પૈકીમાંથી કોઈનું પણ થયું નહોતું.
અનેકવાર રોજ બરોજ નાજીવનમાં આપણને એવા નાના-મોટા સંયોગ જોવા મળતાં હોય છે કે જેને કારણે આપણને આશ્ચર્ય થાય અથવા આપણે વિચારતા થઈ જઈએ કે આવું કેમ બન્યું? ગાંધીનગરમાં આજે ચાર વ્યક્તિના અવસાન થયાં હતાં અને ચારેય વ્યક્તિ અલગ અલગ વિસ્તારની ઝૂંપડપટ્ટીમાં રહેતાં હતાં તેમજ ચારેય વ્યક્તિની વય પણ અલગ અલગ છે પરંતુ એક પણ મૃતકની વય વરિષ્ઠ વય કહી શકાય તેવી નહોતી. તો શહેરમાં મૃત્યુ પામેલા આ ચાર દર્દીઓમાં પહેલાં નંબરે સે.૧૧માં પથિકાશ્રમ એસટી ડેપો પાછળની ઝૂંપડપટ્ટીમાં રહેતાં ૩૪ વર્ષીય વિજયભાઈ વિસાભાઈ વાંસખોડા, બીજા નંબરે સાંઈબાબા મંદિર સામે સે.૨૪ની ઝૂંપડપટ્ટીમાં રહેતાં ૧૫ વર્ષીય રવિ શાંતિલાલ મારવાડી, ત્રીજા નંબરે સેક્ટર-૧૨ની સિવિલ હોસ્પિટલ પાછળની ઝૂંપડપટ્ટીમાં રહેતા ૩૭ વર્ષીય રાધાબેન મનીષભાઈ ઠાકોર અને ચોથા નંબરે સે.૧૪માં સમાવિષ્ટ ગોકુળપુરા વિસ્તારના છાપરામાં રહેતા ૫૨ વર્ષીય પ્રવીણભાઈ કાંતિભાઈ ચૌહાણનો સમાવેશ થાય છે. તમામ મૃતકો ઝૂંપડપટ્ટીમાં રહેતા હોવાને કારણે શ્રમિકો હોવાનું જણાઈ આવે છે, એક મૃતક કિશોર વયનો છે અને તેના સહિત અન્ય એક પણ મૃતક વયોવૃધ્ધ કહી શકાય તેટલી વયના પણ નથી.

## આપના પ્રદેશ અધ્યક્ષ, પ્રભારી અને ચુંટણી પ્રભારી સામે ગુનો નોંધવા પોલીસમાં અરજી

ગાંધીનગર, તા.૪
તાજેતરમાં આપ પાર્ટી દ્વારા નવા સંગઠનની રચના કરવામાં આવી છે. જેમાં મહા પુરૂષોના નામે જય ભીમ અને બીરસામુંડા મોરચો બનાવવામાં આવ્યો છે. ત્યારે રાષ્ટ્ર મહાપુરુષોને એક જાતિ સમાજ પુરતા સિમિત રાખવાનો બદ ઈરાદો હોવાના આક્ષેપ સાથે શહેરના વકીલે આપના પ્રદેશ અધ્યક્ષ, પ્રદેશ પ્રભારી, અને ચુંટણી પ્રભારી સામે સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધવા માટે અરજી કરી છે. મળતી વિગત મુજબ મહાપુરૂષોના નામે આપ પાર્ટી દ્વારા મોરચાની રચના કરીને રાષ્ટ્ર પુરૂષોને અપમાનિત કરવાનો કથિત આક્ષેપ ગાંધીનગરના વકીલ જગદીશ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યો છે.



શ્રીનાથ હેલ્થકેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લાભ ફ્લેટ્સ, વાવોલ ખાતે ડેન્ટલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. રાહતદરે દાંતના તમામ રોગોની સારવાર કરવામાં આવી હતી.

## લવારપુર ગામે કરંટ લાગતા શિક્ષકનું મૃત્યું

ગાંધીનગર, તા.૪
ગાંધીનગરના લવારપુર ગામે સાંજના સમયે નવિન મકાનમાં ઈલેકટ્રીક મોટરથી પાણી છાંટી રહેલા શિક્ષકને વિજ કરંટ લાગતા મૃત્યું નિપજયું હતું. શિક્ષકને કરંટ લાગતા આસપાસના નાગરીકો એકઠા થઈ ગયા હતા. તેઓને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. પરંતુ ડોકટર દ્વારા તેમને ચકાસીને મરણ જાહેર કરવામાં આવ્યા હતા. અચાનક શિક્ષકના મૃત્યુને પગલે લવારપુર ગામમાં વાતાવરણ શોકમય બની ગયું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના લવારપુર ગામે ગોવિંદભાઈ હરીભાઈ પટેલ (ઉં.૪૭) પોતાના પરિવાર સાથે રહેતા હતા. ગોવિંદભાઈ દહેગામના પહાડભાઈની મુવાડી ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. ગોવિંદભાઈનું લવારપુર ગામે નવિન મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે ગતરોજ સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં તેઓ ઈલેક્ટ્રીક પાણીની મોટરથી મકાનને પાણી છાંટી રહ્યા હતા. તે સમયે અચાનક તેઓને ઈલેકટ્રીક મોટરનો કરંટ લાગતા મૃત્યું નિપજયું હતું. ગોવિંદભાઈને કરંટ લાગતા આસપાસના નાગરીકો દોડી આવ્યા હતા અને તાત્કાલીક સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ ડોકટર દ્વારા તેઓનો ચકાસીને મરણ જાહેર કર્યા હતા. ગોવિંદભાઈના મૃત્યુના સમાચારને પગલે ગામમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો. બનાવ અંગે ડભોડા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



સેક્ટર-૨૧ શાકમાર્કેટ જવાના રોડને નવો બનાવવામાં આવી રહ્યો છે. આ રોડ ઉપર ગટરનું ઢાંકણુ ખુલ્લુ છે. અહીંથી ઘણા બધા વાહનો પસાર થાય છે અને બાળકો રમે છે આથી ગટરનું ઢાંકણું તાત્કાલિક નાંખવા વસાહતીઓએ રજૂઆત કરી છે.

## દત્ત મંદિર સે. ૨૮ ખાતે ૧૦મીએ કોવિડ વેક્સીનનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૪
શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ અને માતુલ્ય હોસ્પિટલ, કુડાસણના સહયોગથી આગામી ૧૦ જુલાઈએ શ્રી દત્ત મંદિર, સે. ૨૮ ગાંધીનગર ખાતે નગરજનો માટે સવારે ૯ થી બપોરે ૧ કલાક દરમ્યાન રાહતદરે કોવીડ વેક્સીનનો કેમ્પ યોજાશે.
પૂ. શ્રીરંગ અવધૂત મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ડૉ. સ્નેહલતાબેન પટેલ માતુલ્ય હોસ્પિટલ, કુડાસણના સહયોગથી રવિવારે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે નગરજનો આ રસીકરણનો લાભ લેવા ઈચ્છતા હોય તેમને ૮ જુલાઈ શુક્રવાર સુધીમાં https:forms.gle/FNPc39A6BGaU3yyb6 આ લીંક પર તેમના નામનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રસીના પ્રત્યેક ડોઝની કિંમત રૂ. ૩૮૬ છે પરંતુ રસી લેનાર વ્યક્તિએ રૂ. ૨૫૦ આપવાના રહેશે. બાકીના રૂ. ૧૩૬ શ્રીરંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવશે. રસી લેવા ઈચ્છતી વ્યક્તિએ રૂ. ૨૫૦ લીંકમાં આપેલા QR કોડ દ્વારા ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ રીસીપ્ટ સાથે લાવવી. આ રસીકરણ સરકાર માન્ય છે. દરેક આધાર કાર્ડ લઈ રસીકરણ માટે આવવુ તથા પેમેન્ટ રોકડેથી પણ શ્રીદત્ત મંદિર સે. ૨૮ ખાતે ૮ જુલાઈ સાંજે ૬ કલાક સુધી સ્વીકારવામાં આવશે અને આધારકાર્ડ સાથે પેમેન્ટ માટે આવવું તેમ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ. વિગતો માટે સંપર્ક મો. ૭૯૪૮૯૭૭૨૦૧ / ૬૩૫૪૪૭૮૫૩ કરવો.

## આઈઆઈટી ગાંધીનગર ખાતે ટી-૨૦ નાઈટ ક્રિકેટ સ્પર્ધા યોજાઈ







ગાંધીનગર, તા.૦૪
વિવિધ કોર્પોરેટ અને સંસ્થાઓમાંથી ક્રિકેટના શોખીન કર્મચારીઓને એકસાથે લાવવા અને તેમને પ્રોફેશનલ ટૂર્નામેન્ટ રમવાનો યાદગાર અનુભવ આપવાના ઉદ્દેશ્ય સાથે, આઈઆઈટી-ગાંધીનગરે તાજેતરમાં પ્રથમ આઈઆઈટી ગાંધીનગર ક્રિકેટ લીગ "આઈસીએલ-૨૦૨૨"નું આયોજન કર્યું હતું, જે તેની રમતગમત સંકુલમાં ક્રિકેટના મેદાન ખાતે એક મહિનાની રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું.
ઓએનજીસી, એચડીએફસી, નિયો ટેક્ષ, બેંક ઓફ બરોડા, નેહા નર્સિંગ હોમ, ગુજરાત સચિવાલય, જીએસટી, માર્ગ અને મકાન વિભાગ, કડી સર્વ વિદ્યાલય, અરવિંદ લિ., મનીમાઈન અને આઈઆઈટી ગાંધીનગર સહિત કુલ ૧૨ ટીમોએ ભાગ લીધો હતો અને ૨૫માં એકબીજા સાથે સ્પર્ધા કરી હતી. ફ્લડલાઈટ હેઠળ લેધર બોલ વડે રમાતી ટી-૨૦ મેચો રમાઈ હતી જેમાં તા.૨૮ જૂન ના રોજ ગુજરાત સચિવાલય અને ઓએનજીસી વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી, જેમાં ઓએનજીસીએ આઈસીએલ-૨૦૨૨ ટુર્નામેન્ટ ૬ વિકેટે જીતી હતી. ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલે પણ આઈસીએલ-૨૦૨૨ની ફાઈનલ માટે આઈઆઈટી ગાંધીનગરની મુલાકાત લીધી હતી.